RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 216 * Date: 27.05.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

ગુજરાત સરકાર

20 વર્ષ શહેરી વિકાસનાં

## GUJARAT URBAN DEVELOPMENT YEAR, 2025





વર્ષ 2005માં શરૂ થયેલી વણથંભી શહેરી વિકાસ યાત્રા
આજે 2025માં પહોંચી છે,

અને ગુજરાત ઉજવી રહ્યું છે
**20 વર્ષ શહેરી વિકાસનાં**

— ગરિમામયી ઉપસ્થિતિ —

### શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

### શ્રી આચાર્ય દેવવ્રત
માનનીય રાજ્યપાલ, ગુજરાત

### શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### શ્રી મનોહર લાલ
માનનીય કેન્દ્રીય આવાસ અને શહેરી વિકાસ મંત્રી, ભારત

### શ્રી સી. આર. પાટીલ
માનનીય કેન્દ્રીય જળ શક્તિ મંત્રી, ભારત

**27 મે, 2025 | સવારે 10:30 વાગે | મહાત્મા મંદિર, ગાંધીનગર**

**20 વર્ષ શહેરી વિકાસનાં**

શહેરી વસ્તીમાં 37% થી 48%ના વધારા સાથે શહેરીકરણને વેગ મળ્યો


કુલ 7 થી 17 મહાનગરપાલિકાના વધારા સાથે શહેરી વિસ્તારોનું વિસ્તરણ થયું

₹661 કરોડનું શહેરી વિકાસનું બજેટ 45 ગણા વધારા સાથે ₹30,325 કરોડ થયું


અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં BRTS અને મેટ્રો રેલ સુવિધાઓથી શહેરી પરિવહનનું આધુનિકીકરણ

સાબરમતી રિવરફ્રન્ટ, ગિફ્ટ સિટી, ડ્રિમ સિટી અને સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી થયું શહેરોનું નવનિર્માણ

પ્રધાનમંત્રી આવાસ યોજના અને પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશમાં અગ્રેસર



## 'શહેરી વિકાસ વર્ષ – 2025' ની આ ઉજવણીમાં છે



શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કુલ ₹30,325 કરોડના બજેટમાંથી ₹3,300 કરોડની પ્રથમ હપ્તાની ગ્રાન્ટનું વિતરણ કરવામાં આવશે. આ પગલું ગુજરાતના 166 શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULBs)ના નાગરિકોના જીવન પર સકારાત્મક અસર કરશે.



સાબરમતી રિવરફ્રન્ટના ફેઝ-3 અમદાવાદ, વિવિધ શહેરોના 22,000 પરિવારોને પોતાના આવાસ, બાયો ડાયવર્સિટી પાર્ક, સુરત, સિવિલ હોસ્પિટલ અમદાવાદ કેમ્પસમાં 1800 બેડની હોસ્પિટલ, U.N. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી અને રિસર્ચ સેન્ટરના સેટેલાઇટ સેન્ટર (ગાંધીનગર) સહિત ₹5536 કરોડના જન સુખાકારીના અનેક વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત



વિકસિત ભારત @2047 ના લક્ષ્ય માટે વિકસિત ગુજરાત @2047ને ગતિ આપનારા અનેક નિર્ણયો લેવાશે

જીવંત પ્રસારણ જુઓ DD NEWS પર

## તંત્રી લેખ....

# ડેરિવેટીવ્ઝમાં સેબીના અંકુશો બાદ નાના રોકાણકારોમાં ૪૯ ટકા ઘટાડો

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા ડેરિવેટીવ્ઝ સેગ્મેન્ટમાં નાના રોકાણકારોની ખુવારીને રોકવા સખ્ત પગલાં લેવાયા બાદ આ સેગ્મેન્ટમાં ઓછી મૂડી ધરાવતા નાના રોકાણકારો-ટ્રેડરોની હિસ્સેદારીમાં ઘટાડો થયો હોવાનું રેટિંગ એજન્સી ઈકરાના રિપોર્ટમાં જણાવાયું છે.માર્ચ મુજબ નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)માં રૂ.૧૦,૦૦૦થી ઓછા માસિક પ્રીમિયમ ટર્નઓવર સાથેના રોકાણકારોની સંખ્યામાં વાર્ષિક ધોરણે ૪૯ ટકા સુધી ઘટાડો થયો છે. જયારે રૂ.૧૦,૦૦૦થી રૂ.એક લાખ સુધીના ટર્નઓવર ધરાવનારામાં ૩૭ ટકા ઘટાડો થયો હોવાનું આ રિપોર્ટમાં જણાવાયું છે.મૂડી બજાર નિયામક તંત્ર સેબી દ્વારા દેશના ૯૦ ટકાથી વધુ ટ્રેડરો ફયુચર્સ એન્ડ ઓપ્શન્સ (એફ એન્ડ ઓ)માં નુકશાની કરી રહ્યાના અભ્યાસના ચોંકાવનારા તારણ બાદ એફ એન્ડ ઓમાં નાના ટ્રેડરોના પ્રવેશને રોકવા માટે કોન્ટ્રેક્ટ લોટ સાઈઝમાં વધારો કરાયા સાથે વિક્લી એક્સપાયરીમાં પણ ફેરફાર કરાયો હતો.ઈકરાના રિપોર્ટ મુજબ તેનાથી વિપરીત, વધુ માસિક પ્રીમિયમ ટર્નઓવર ધરાવતા રોકાણકારોની સંખ્યા પર પ્રમાણમાં ઓછી અસર પડી હતી. ઓછા ટર્નઓવર રેન્જમાં રોકાણકારોની સંખ્યામાં ઘટાડો થવાથી પ્રીમિયમ એડીટીઓ (સરેરાશ દૈનિક ટર્નઓવર)માં ઘટાડો થયો છે, ખાસ કરીને રૂ.૧ લાખથી ઓછા માસિક પ્રીમિયમ ટર્નઓવર ધરાવતા જૂથો માટે આ જોવાયું હોવાનું ઈકરાએ નોંધ્યું છે.

# ઓપરેશન સિંદુરની ભવ્ય સફળતા પછી, સિંદૂરી સ્વાગતનો ભવ્ય દોર શરૂ : ગાંધીનગર વાસીઓ માટે આજનો દિવસ ભવ્ય ઉત્સવની ઉજવણીનો અવસર





ભારતીય સેનાએ મા ભારતીને તથા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા 'ભારત માતા કી જય અને વંદે માતરમ્'ના જયઘોષ સાથે ભારતીય સૈનિકોના અભૂતપૂર્વ પરાક્રમને બિરદાવવા ગાંધીનગર વાસીઓ કાલની વિજય યાત્રામાં મોટી સંખ્યામાં જોડાવાના છે ત્યારે તૈયારીઓને આખરીઓ આપવાના આશય સાથે બ્રીફિંગ અને વોકથ્રુ યોજી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી.

આ પ્રસંગે કલેકટર શ્રી ગાંધીનગર મેહુલ કે દવેએ જણાવ્યું હતું કે, 'ઓપરેશન સિંદૂર' દ્વારા ભારતીય સેનાએ અદ્દભૂત શૌર્યના દર્શન કરાવ્યા છે અને પહલગામ આંતકી હુમલાનો વટભેર બદલો લીધો છે. વડાપ્રધાનશ્રીએ દેશને આપેલુ વચન ભારતીય સેનાએ શૌર્ય અને વીરતા સાથે પૂર્ણ કર્યું છે, અને આ ભવ્ય સફળતા પછી પ્રધાનમંત્રી જ્યારે પ્રથમ વખત ગાંધીનગર જિલ્લાના મહેમાન બની રહ્યા હોય ત્યારે તેમને આવકારવામાં જરા પણ કચાશ ન રહે અને આ ક્ષણ આવનાર તમામ મહેમાનો સહિત નગરજનો માટે પણ જીવનભરની યાદગાર ક્ષણ બની રહે તેવો પ્રયત્ન સૌ સાથે મળીને કરવા અનુરોધ કર્યો હતો. સાથે જ તેમણે ઉમેર્યું હતું કે,× સ્વયંભુ આ વિજય સરઘસમાં જોડાવાની સૌની ઈચ્છા ને સગવડ આપવી એ જ જિલ્લા વહીવટી તંત્રની જવાબદારી છે.

આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા રૂટ વ્યવસ્થા તથા ટ્રાફિક અંગેની ઝીણવટ ભરી માહિતી આપવામાં આવી હતી સાથે જ તેમણે વડાપ્રધાન શ્રી ને આવકારવા માટે હાથમાં લીધેલા રાષ્ટ્રધ્વજની ગરિમા જળવાઈ તે પ્રમાણે વર્તન કરવા પણ નમ્ર વિનંતી કરી હતી.આ સમગ્ર બ્રિફિંગ મીટીંગ તથા વોકથ્રુનું સંચાલન નિવાસી અધિક કલેકટરશ્રી ઈ/ચા અર્જુનસિંહ વણઝારા દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં તેમણે આવતીકાલે યોજાના સંપૂર્ણ કાર્યક્રમ ની વિગતવાર માહિતી આપતા નોડલ ઓફિસરોની વિગત પણ આપી હતી. સાથે જ તેમણે ઉમેર્યું હતું કે કોઈપણ ભૂલચૂક ન થાય તે માટે કલર કોડ થકી વિચારું આયોજન નો પ્રયત્ન કરવામાં આવ્યો છે. માટે દરેકે નોડલે પોતાનો કલર કોડ,તથા આવનાર નાગરિકો નું લિસ્ટ ચેક કરી કોઈપણ અવ્યવસ્થા ન સર્જાય તે રીતે આજે જ સ્થળ મુલાકાત કરવા પર પણ ભાર મૂક્યો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




N.O.G. S.S. No.0102
વિષય :-ગપસપ.
પ્રકાર :-ગદ્ય લેખ. શબ્દ સંખ્યા:-૨૦૫.

ગપસપ એટલે કોઈ વિશે સાચી ખોટી કે ભેળવેલી વાતો કરવી. તેમાં મશ્કરી હાસ્ય કટાક્ષ વગેરે જેવા ભાવોનો સમાવેશ થાય છે. પુરુષો તેમ સ્ત્રીઓ ઓટલે બાંકડા ઉપર ઘરમાં અથવા જુદા જુદા સ્થળે ભેગા થઈ અને એકબીજા વચ્ચે આ પ્રકારની વાતચીત કરે છે તેને ગપસપ કહી શકાય.

આ ગપસપના આપણે થોડા પ્રકાર કહી શકીએ .જેમ કે ઓટલાની , ગામનો ચોરો, રાજકીય , ફિલ્મી ગપસર વગેરે આમાં વાસ્તવિક કરતા ખોટી સાચી વાતોનો વિશેષ સમાવેશ થતો હોય છે .ઘણીવાર તો રાઈનો પર્વત થઈ જતો હશે અને ઘણી રમુજી ઘટના બનતી હોય છે. ખાસ કરી અને તેમાંથી હાસ્ય નિસ્પન થાય છે .કોઈની ખુલ્લી મશ્કરી કરવામાં આવે છે.

ગપસપનો ફેલાવો ઘણીવાર ખોટી અફવાના કારણે થઈ અને ઘણા બધા લોકો તેમાં સામેલ થઈ જતા હોય છે અને અંતે તે વાત ખોટી છે. તે સાબિત થતા લોકો થોડો નિરાશાનો ભાવ અનુભવે છે .

ખાસ સ્ત્રીઓ લગ્ન અથવા કોઈ અન્ય સમારંભમાં જ્યારે ભેગી થાય ત્યારે એક બીજી સ્ત્રીઓની જુદા જુદા પ્રકારે મશ્કરી કરતી હોય છે .તેના રંગ રૂપ, દેખાવ તેની બોલવાની. છટા વગેરે વિશે ગમે તે બોલે છે અને આનંદ પણ અનુભવે છે. ઘણીવાર તેમાં ઈર્ષા અને અદેખાઈનો ભાવ પણ સમાયેલો હોય છે. ક્યારેક જાહેરમાં ઝઘડો પણ થઈ જાય છે.

ગપસપ ઘણીવાર આનંદ મજાક અને મશ્કરીનો પણ પ્રસંગ બનતો હોય છે.

રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO.:0101
વિષય : ગપસપ
શીર્ષક : ગપસપ: વ્યાપક સામાજિક ઘટના
પ્રકાર : ગદ્ય લેખ શબ્દો :૩૫૦

ગપસપ એ એક વ્યાપક સામાજિક ઘટના છે જેમાં અન્યની હાજરી અથવા સંમતિ વિના અન્ય વિશેની માહિતી શેર કરવાનો સમાવેશ થાય છે. તે સંદેશાવ્યવહારના સાધન તરીકે કાર્ય કરે છે જે વ્યક્તિઓને બંધન અને સંબંધ બનાવવામાં મદદ કરી શકે છે, ખાસ કરીને મિત્રો અને સાથીદારો વચ્ચે. જ્યારે પુરુષ અને સ્ત્રી બંને ગપસપમાં સામેલ હોય છે, પરંતુ ઘણીવાર વિષય અલગ હોય છે, સ્ત્રીઓ સામાન્ય રીતે વ્યક્તિગત અથવા સંબંધના વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને પુરુષ સ્પર્ધાત્મક વિષયો તરફ વળે છે. ગપસપના કાર્યમાં સકારાત્મક અને નકારાત્મક બંને અસરો થઈ શકે છે; તે સંબંધોને પ્રોત્સાહન આપી શકે છે અને સામાજિક ગતિશીલતાની સમજ આપી શકે છે, પરંતુ જ્યારે શેર કરેલી માહિતી હાનિકારક અથવા અસત્ય હોય ત્યારે તે ગેરસમજો, શરમ અને પાત્રના ઉલ્લંઘનનું કારણ બની શકે છે.

તકનીકી અને સોશિયલ મીડિયાના આગમન સાથે, ગપસપનો ઝડપી ફેલાવો તીવ્ર બન્યો છે, જેણે ખોટી માહિતીનો ફેલાવો સરળ બનાવ્યો છે અને તેના પરિણામે સાયબરબુલિંગ - એક ગંભીર મુદ્દો જે નકારાત્મક માનસિક સ્વાસ્થ્ય પરિણામો સાથે સંકળાયેલ છે, ખાસ કરીને યુવાનોમાં. ગપસપ જે રીતે જોવામાં આવે છે અને સંબંધો પર તેની અસર મોટા પ્રમાણમાં બદલાઈ શકે છે, જે આ જટિલ સામાજિક વર્તણૂકની સૂક્ષ્મ સમજની જરૂરિયાતને પ્રકાશિત કરે છે. એકંદરે, ગપસપ એ માનવ સંપર્કનું બહુ -પરિમાણીય પાસું છે, જે રચવાની ક્ષમતા અને નુકસાનના જોખમ બંનેને પ્રતિબિંબિત કરે છે.

૨૦૦૧ માં પેન્સિલવેનીયા યુનિવર્સિટીના એક અધ્યયનમાં, એરિક ફોસ્ટરએ તારણ કાઢયું હતું કે આપણી લગભગ ૭૦% વાતચીત ગપસપ સાથે સંકળાયેલી છે, અને તેમાં ભાગ ન લેવો લગભગ અશક્ય છે. ગપસપ મૂલ્યવાન હોઈ શકે છે, કારણ કે લોકોને આસપાસના લોકો વિશે જાણવાની જરૂર છે. લોકો માટે દરેક જગ્યાએ હાજર રહેવાનું અશક્ય છે. ગપસપ બીજાઓને આપણા જીવન વિશે જાણ કરવાની એક મહત્વપૂર્ણ રીત બની જાય છે, જેને આપણા વિશે વધુ જાણવાની તક મળતી નથી. જ્યારે ગપસપનો ઉપયોગ માહિતી આપવા માટે કરવામાં આવે છે અને તે પૂર્વનિર્ધારિત મર્યાદાને તોડતો નથી, ત્યારે તે ફાયદાકારક છે, પરંતુ જ્યારે સીમા ઓળંગે છે ત્યારે નુકશાનકારક બને છે અને વ્યક્તિ તેની અપેક્ષા કરતા વધુ વહેંચે છે, ત્યારે ગપસપ પીડાદાયક બને છે. જે આપણે ઓપરેશન સિંદૂરના સમયમાં જોયું કે ભારતીય ગોદી મીડિયાએ જે ભયંકર ગપ્પાઓ વહેતાં કર્યાં એનાથી સમાચારની વિશ્વાસનિયતા તો ખાડે ગઈ પણ સાથે સાથે આંતરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતીય સંચાર ક્ષેત્રે ભારતની છબીને પણ નુકશાન પહોંચાડ્યું.

★ભરત સાંગાણી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

Nog SSO NO :229
વિષય: ગપસપ
શિર્ષક: સૌએ કરવી સારી ગપસપ
પ્રકાર: ગદ્ય શબ્દો :૩૫૦

સૃષ્ટિના સર્જનહારે માનવીને હકારાત્મક સાથે નકારાત્મક આચાર-વિચારો આપી સ્વર્ગ અને નર્ક બંનેના દરવાજાઓ દેખાડી દીધા છે. તેથી માનવીએ પોતાની વિશિષ્ટ બુદ્ધિથી નક્કી કરવાનું કે,કઈ મંઝીલનો રસ્તો ચાલવાનો પસંદ કરવો?સ્વર્ગે જવું કે નરકેજવું!

જીવનમાં માનવી બાળપણથી સમયાંતરે ઉંમર બદલાતા અને અવનવી પ્રકૃતિઓ ધરાવતી વ્યક્તિઓના સંપર્કમાં આવે છે. કેમ?ક્યારે?અને કેવીરીતે?દરેક વ્યક્તિ સાથે વિવિધ હેતુઓ અનુસાર સંબંધો બાંધી પોતે કેવું જીવન જીવવું?તેની સમજ શક્તિતેને મન સાથે કેળવવી.સદા ઉત્તમ જીવન માટે આગળ વધવું જોઈએ.

કોની સાથે કેવો મનમેળાપરાખી,કેટલી ગપસપ કરવી?તેનો આધાર વ્યક્તિના શિક્ષણ,સંસ્કાર,કુળ, વૈચારિક સંકલ્પ-શક્તિ ઉપર રહેલો છે.શુદ્ધ-સાત્વિક વિચારોથી પ્રાપ્ત થતી નિર્દોષ, નિરાલી,નિરૂપદ્રવી ગપસપની સદપ્રવૃત્તિ માનવીને ઉર્ધ્વગમન નો માર્ગ ચેંધીને ઉત્તમ વ્યક્તિ બનાવે .પરંતુ તેનાથી વિપરીત હોય તો સીધા પતન સુધી દોરી જાય છે.

શ્રીમદ ભાગવતગીતાના કર્મના ઉપદેશ પ્રમાણે દરેક પુખ્ત વ્યક્તિ પોતાના કર્મોના પરિણામ માટે પોતે જવાબદાર છે! એટલેજ કહેવાય છે કે×તાળી બે હાથથી પડે!ટૂંકમાં એક હાથ બીજા હાથ ઉપર કયા સંજોગો અને બળથી પડીને કેટલા મોટા અવાજનો બૂરો પડઘો પાડે છે?તે તો સમય-સંજોગો ઉપર આધારિત હોય છે.

સમયનું સતત ચાલતું ગતિચક્ર શ્રીકૃષ્ણના સુદર્શનચક્ર જેવું કામ કરી કોનો?ક્યારે અંત લાવવો છે?તે પ્રભુ નક્કી કરે છે. કેટલીક ગપસપ સહેતુક ચોક્કસ ધ્યેય સિદ્ધ કરવાના હોવાથી ખાસ સમયે મળી સંપૂર્ણ કરાય છે. જ્યારે કેટલીક ખાલી મઝા મેળવવા નકામી વાતચીત લંબાવીને કરે છે.

આધુનિક સોશિયલ મીડિયાના જમાનામાં રૂબરૂ ગપસપ ઉપરાંત મોબાઈલફોન, ચેટિંગ,રક્કંજર્ક્ટ,સામાજિક કે વારતહેવારના પ્રસંગે સંદેશાઓથી પણ કરાતી હોય છે. કોઈપણ ગપસપ કોઈએ પોતાની મેલી મુરાદ કે ચિંતા દૂર કરી સામેનાને ખોટા સંબંધમાં ફસાવવા અથવા બીજાને ટેન્શનમાં નાખવા માટે ન કરવી.

નકારાત્મક ગપસપ વહેલીમોડી ઘાતક બની ખરાબ પરિણામ લાવી વધુ વિનાશ સર્જી શકે છે. તેથી સભાનપણે નિર્દોષ ભાવે કરાતી ગપસપ સિવાયની પ્રદૂષિત કાર્ય-પ્રવૃત્તિ,આતંકી,જોખમી અને નકારાત્મક દાવાનળનું કારણ બને છે.તેથી કર્મના સિદ્ધાંતો સમજીને ગપસપ કરવી દરેકના માટે હિતાવહ છે.

સમાજ,દેશ કે આંતરરાષ્ટ્રીયસંબંધોનું વિશ્વ માનવીના શુદ્ધ આચારવિચારથી સચવાય કે નંદવાય છે. આતંકવાદ વિરુદ્ધના ઓપરેશન સિંદૂર જેવા યુદ્ધો ટાળી વિશ્વ શાંતિ તરફ પ્રસ્થાન કરીને વિકાસ કરી શકાય. સંપ,વ્યસન, ચરિત્રહીનતા, નિંદા,તિરસ્કારી-અધર્મ કે આતંકીત્રાસના ફેલાવો કરી તેવી પ્રવૃતિઓ કરી સમયનો દુરુપયોગ કરવાને બદલે સર્વેએ કલ્યાણકારી વિશ્વનું નિર્માણ કરવું ઉત્તમોત્તમ છે.

★ લેખક - ×, પ્રાપશી× પરેશ એમ.પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOGSS No.: 0141*
★વિષય: ×ગપસપ×★
★શીર્ષક: ×અણસાર એના!×★
★પ્રકાર: પદ્ય -
આભાર - નિહારીકા રવિયા અછાંદસ સોનેટ - ઊર્મિ કાવ્ય!★
★શબ્દો: ૧૩૯★

લ્યો, કાળજું કોરાઈ રહ્યું; -ને તેઓ આનંદથી છે ઊભાં;
આજીજી ને વિનવણી, અસર વિણ જાય મોભે મોભાં!

હતી શરૂઆત કેમ છો? થી! પછી હતો‘ અહંકારી નેઠો;
ગપસપ કરતાં, થઈ લપસપ તેથી, બાજી હું હારી બેઠો!

ચડાવ્યાં ઊંચકી, સરમાથા પર, મળી ન કોઈ કળ કથી;
રાતપરોઢના કરી ઉજાગરા, પામવા રહ્યો અમથો મથી!

ભોગવે તેનાં, ભાગ્ય! બીજું શું? કહેવા જેવું નથી કશું;
ભદ્રા પામવા, રેવું જીવતા, એજ માળાનો મણકો હશું!

સંવાદ એનો, સચરાચરમાં, પળ દરેક અનુભવી રહેતો;
જિહ્વા બનેલ અશક્ત, કોઈને કંઈ એનું ના કહી શકતો!

થયું વાતનું વતેસર, ગઈ તી‘ દોર, અભિમાનના હાથમાં;
બચ્યું અજાણે, પડી ગયું, નિર્ભય હતું એનીજ બાથમાં!

ગતી કાળની, રહે અજબ ભલે, લખ પ્રયત્ન પડે પાછા;
આળોટીને વાઘ થઉં, મને મળે, અણસાર એના આછા!

રસિકભાઈ વ પરમાર ×૨૪×★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No. 347
વિષય:- ગપસપ
શીર્ષક:- ગપસપ
પ્રકાર:- પદ્ય. શબ્દો:- ૪૮

ચાલને સખી કરીએ ગપસપ,
મળ્યા વર્ષો પછી આપણે બંને.
ચાલને કરીએ ગપસપ બાળપણની.
રમતાં રમતો આંગણમાં,
ને જતાં શાળાએ કેવાં ભેગા મળીને!
હતો ન કોઈ ધર્મ કોઈનો ત્યારે,
સૌ સખીઓનો એક જ ધર્મ ‘મિત્રતા‘.
ચાલને કરીએ ગપસપ એવી,
યાદ કરી જીવી લઈએ ફરીથી,
એ જ નિર્દોષ બાળપણ આપણું.

સ્નેહલ જાની, સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO :373
વિષય : ગપશપ
શીર્ષક : મજાની ગપશપ
પ્રકાર : પદ્ય શબ્દ : ૪૩

ચાલો કરીએ ખૂબ ગપશપ,
સાથે લઈ બેસી ચા નો કપ.

ખોટી કોઈ સાથે ન કરો લપ,
મનથી કરો ભગવાનના જપ.

સંતો કરે છે આકરું એવું તપ,
બધા સાથે બનાવી રાખો સંપ.

લોકો કરે છે રોજ બહુ વધુ ગપ,
ખુશીઓની લાગે છે સર્વને ખપ.

રૂપલ દવે ×રૂપ×

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્ફ્રજીજી ર્ફ્ર: ૩૮૩
વિષય:ગપસપ
શીર્ષક: વાતોનું વ્યંજન
પ્રકાર: પદ્ય (અછાંદસ) શબ્દો ૬૯

એક અનોખો અહેસાસ મળે,
અવિશ્વાસમાં વિશ્વાસ ઊગે,
નિરાશામાં આશાની હરફ મળે,
મૌનમાં જ્યારે મીઠાશ ભળે,
ત્યારે વાતોનું વ્યંજન બને...
અકારણ વાતે હાસ્ય ખીલે,
ચિંતામાં અનોખું ચિંતન મળે,
દુ:ખની વાતો અંગતને કહી,
મૃદુ ચહેરા પર હાસ્ય ખીલે...
સમયની ગતિ ન્યારી ઘણી
ટકટક કરી પળપળ ખસે...
શબ્દો નહી, લાગણીઓ બોલે,
મન થી મનની વાત પહોંચે,
ન ભૂલાય, ન ભૂલાવાય –
મિત્રતા જેવી નિશ્ચલ,
અને પ્રેમ જેવી સહજ...!
કરે સૌ કોઈ અહી ગપસપ...

દર્શના ×મીતિ×

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG.SS.No.0098
વિષય:- ગપસપ
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- આનંદ ની અનુભૂતિ
શબ્દ:-

મિત્રો ગપસપ કરવી એ આજકાલની પ્રથા કે વલણ નથી એ તો આપણા દાદા પડદા ના સમય ની જુની પ્રથા છે પોતાના વિચારોનું આદાન પ્રદાન ,રમત ગમત ,ફિલ્મો નું શોક ,વાદવિવાદ ,દેશ દુનિયામાં શું ચાલી રહ્યું છે પોતાના અંગત દુઃખ સુખ ની વાતો , ધર્મ વિશે ટોળાઓ મેં બેસીને ચર્ચા કરતા,વાતો કરતા એ જ તો ગપસપ કહેવાય .પહેલા ના સમયમાં ગામમાં ઘરના ઓટલે, ઝાડના નીચે બેસીને, ખેતરમાં કામ કરતાં કરતાં, ચોપાલમાં બેસીને લોકો સાથે ભેગા થઈને બેસતા અને વિચારો એકબીજાના અનુભવો વહેંચતા. સમય પસાર માટે નહી કે નિંદા માટે નથી કરતા જીવનમાં ખાલીપણુંને ભરવા સાથે ભેગા થતા એકલતાનો અહેસાસ નથી થવા દેતા અને કોઈ ગંભીર સમસ્યા હોય તો ચર્ચા કરી નિદાન કાઢીને હળવાશ મહેસૂસ કરતા .

સમય પ્રમાણે ગપસપનું અંદાજ બદલાયું છે આમ તો બધા જ ગપસપ કરે છે ,પણ સ્ત્રીઓતો વિશેષ ગપશપ મા માહિર અને બદનામ હોય છે એમની તો વાત જ ના કહેવાય તે કોઈ પણ પ્રસંગ હોય મિત્રો સાથે ફરવા જવાનું હોય કે કીટી પાર્ટી હોય, લગ્ન પ્રસંગ હોય સફરમાં હોય ,ઓફિસમાં હોય કે ઘરમાં જ કામવાળી બાઈઓ જોડે, શોપિંગ માટે જવાનું હોય કે મુવી જોવા જવાનું હોય ,ધાર્મિક સાંસ્કૃતિક કે રાજનૈતિક કોઈપણ પ્રસંગમાં જવાનું હોય તે સમય કાઢી ગપસપ કરી ભરપુર આનંદ માળવી જ લેતી હોય છે.

મિત્રો, ગપશપ નો કોઈ યથાર્થ અર્થ નથી .માનીએ છીએ કે સમય ખોટી થાય છે પણ હળવાશ ને આનંદની અનુભૂતિ પણ થાય છે. એકલતાનો અહેસાસ નથી થતું.

લીના શર્મા ...હાલોલ

# દાહોદથી રૂ. ૨૪ હજાર કરોડના વિકાસ કામોનું કર્યું ખાતમુહૂર્ત – લોકાર્પણ





વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના દાહોદ ખાતે રૂપિયા ૨૪ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પનું લોકાર્પણ અને શિલાન્યાસ કરી દાહોદની ઈલેક્ટ્રિક લોકોમોટિવ ફેક્ટરીમાંથી નિર્મિત આધુનિક ટેક્નોલોજીથી સજ્જ સંપૂર્ણ સ્વદેશી ૯૦૦૦ હોર્સપાવરનું ઈલેક્ટ્રિક લોકોમોટિવ એન્જીન ડી-૯ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતુ. તેમણે જણાવ્યું હતુ કે, ૩ વર્ષ અગાઉ આ ફેક્ટરીનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો, જે આજે ભારતની મેન્યુફેક્ચરિંગ ક્ષમતાનું પ્રતિક બની છે. આ સિદ્ધિને ગુજરાત અને દેશ માટે ગૌરવની ક્ષણ છે. આ પરિપ્રેક્ષ્યમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, આજે ભારતમાંથી સ્માર્ટફોનથી લઈને કાર, રમકડાં, સેના માટેના શસ્ત્રો, દવાઓ જેવી અનેક વસ્તુઓની નિકાસ થઈ રહી છે. એટલું જ નહીં, આજે ભારત રેલવે, મેટ્રો અને એ માટેની ટેક્નોલોજી પણ પોતે જ બનાવે છે અને દુનિયામાં નિકાસ કરે છે. દાહોદ એનું જીવંત ઉદાહરણ છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ૧૪૦ કરોડ ભારતીયોએ સાથે મળી વિકાસશીલ ભારત માટે કમર કસી છે. આપણા માટે હવે એ મહત્વનું છે કે દેશ માટે જે કંઈ જરૂર પડે એ આપણે ભારતમાં જ બનાવીએ. આજે દેશ ઝડપથી મેન્યુફેક્ચરિંગની દુનિયામાં આગળ વધી રહ્યો છે. દેશની જરૂરિયાતની ચીજોનું નિર્માણની સાથે આપણે દુનિયાના દેશોમાં નિકાસ પણ કરી રહયાં છીએ.

દાહોદની ઈલેક્ટ્રિક લોકોમોટિવ ફેક્ટરીમાં બનેલું ૯,૦૦૦ હોર્સપાવર ધરાવતું આ એન્જિન એ માત્ર દાહોદનું નહિ, પરંતુ ભારતની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા અને ટેકનોલોજીનો પરિચય આપે છે. આવનારા સમયમાં દાહોદમાંથી દર બે દિવસે એક એન્જિન તૈયાર થતું હશે, એ દિવસો હવે દૂર નથી. આ ફેક્ટરીથી સ્થાનિક યુવાઓને રોજગાર મળશે, નાના ઉદ્યોગો ઉભા થશે, સ્પેર પાર્ટ્સના કારખાનાં શરૂ થશે, ખેડૂત હોય, પશુપાલક હોય કે દુકાનદાર, દરેક વર્ગને આનો લાભ મળશે.

## સાઉદી અરેબિયામાં હવે દારૂના વેચાણની છૂટ, ટુરિઝમ વધારવા ૭૩ વર્ષ જૂનો કાયદો બદલાયો



વિશ્વભરમાં સૌથી વધુ ચા અને દારૂનું સેવન થાય છે. દારૂનો ધંધો એટલો મોટો છે કે તે ઘણાં નાના દેશોના જીડીપી જેટલો છે. આનો અર્થ એ થયો કે દર વર્ષે દારૂમાંથી અબજો રૂપિયાની કમાણી થાય છે. જો કે, કેટલાક દેશો એવા છે જ્યાં દારૂ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. અને ત્યાં દારૂના સેવન કે વેચાણ બદલ કડક સજાની જોગવાઈ પણ છે. મોટાભાગના ઈસ્લામિક દેશોમાં આવા નિયમો બનાવવામાં આવ્યા છે. હવે આવા જ એક મુસ્લિમ દેશે દારૂ પરનો પ્રતિબંધ હટાવવાનો મોટો નિર્ણય લીધો છે. હવે સાઉદી અરેબિયાએ લગભગ ૭૩ વર્ષ બાદ દારૂ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. આ એક મોટો નિર્ણય ગણાવાઈ રહ્યો છે. સાઉદી સતત પોતાના કડક કાયદામાં ફેરફાર કરી રહ્યું છે અને પ્રવાસનને કમાણીની મોટી તક બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ નિર્ણય પણ આ ક્રમમાં લેવામાં આવ્યો છે. જો કે, સાઉદીના લોકો માટે હજુ પણ દારૂ સામે પ્રતિબંધ રહેશે.હવે જો તમે એવું વિચારી રહ્યા છો કે, ભારત કે અન્ય કોઈ દેશની જેમ સાઉદીમાં પણ તમે દારૂની દુકાનમાં જઈને દારૂ ખરીદી શકો છો તો તમે ખોટા છો. વાસ્તવમાં આ વ્યવસ્થા અહીં માત્ર ટુરિસ્ટ માટે જ કરવામાં આવી છે. ઘરમાં દારૂ રાખવા અને બજારમાં વેચવા સામે હજુ પણ પ્રતિબંધ છે. તેના માટે લાઈસન્સ આપવામાં આવશે, જેથી મોટા ટુરિઝમ પ્રોજેક્ટ્સમાં દારૂ પીરસવામાં આવી શકે છે. એનો અર્થ એ કે જો તમે કોઈપણ વિદેશી દેશમાંથી સાઉદી જાઓ છો, તો તમને દારૂ પીવા માટે મળી શકે છે.સાઉદી અરેબિયામાં માત્ર ઓછા પ્રમાણમાં આલ્કોહોલ વાળો દારૂ જ મળશે. તેનો અર્થ એ કે તમે બિયર અથવા વોડકા જેવા ડ્રિંક પી શકો છો. ૨૦%થી વધુ આલ્કોહોલ ધરાવતા ડ્રિંક પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે દેશમાં લગભગ ૬૦૦ સ્થળોએ આ દારૂ મળશે.

## ટ્રમ્પની ટેરિફ નીતિઃ અમેરિકામાં કપડાંથી લઈને વાહનોના ભાવ વધશે



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અમેરિકા ફર્સ્ટ નીતિ અમેરિકન્સ પર જ ભારે પડી રહી છે. ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફના કારણે અમેરિકામાં વસતાં લોકો મોંઘવારીનો સામનો કરી રહ્યા છે. કંપનીઓએ ટેરિફનો બોજો સીધો ગ્રાહકો પર નાખવાની જાહેરાત કરી છે. પરિણામે ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચવાની ભીતિ વધી છે. કપડાંથી માંડી વાહનોના ભાવ વધવાની ચીમકી કંપનીઓએ આપી છે. વોલમાર્ટ, ફોર્ડ, બેસ્ટ બાય, મેટલ, શીન અને ટેમુ જેવી મોટી કંપનીઓએ સ્પષ્ટપણે કહ્યું છે કે તેઓ ટેરિફનો ખર્ચ પોતે ઉઠાવશે નહીં. વોલમાર્ટે ૧૫ એપ્રિલના રોજ જણાવ્યું હતું કે, ચીનમાંથી આવતી પ્રોડક્ટ્સ પર ટ્રમ્પનો ટેરિફ ખૂબ વધુ હોવાથી કિંમતોમાં વધારો કરવો પડશે. મે મહિનાના અંતથી ભાવમાં વધારો લાગૂ થશે. જો ટેરિફ યથાવત રહ્યો તો જૂનમાં ભાવ વધુ વધી શકે છે. ૬ મે, ૨૦૨૫ના રોજ જણાવ્યું હતું કે, અમારી ૪૦-૫૦ ટકા પ્રોડક્ટ્સ હાલ ૨૦ ડૉલર કે તેનાથી ઓછા ભાવમાં ઉપલબ્ધ રહેશે. પરંતુ બાકીની પ્રોડક્ટ્સના ભાવ વધશે. ટ્રમ્પે સ્ટીલ્સને ચીમકી પણ આપી છે કે, તે તેના રમકડાં પર ૧૦૦ ટકા ટેરિફ લાદશે.ઈલેક્ટ્રોનિક્સ રિટેલર બેસ્ટ બાયે જણાવ્યું હતું કે, સપ્લાયર્સ હવે ટેરિફનો ખર્ચ અમારા માથે નાખી રહ્યા છે, જેનો બોજો અમે ગ્રાહકો પર નાખીશું. કિંમતોમાં વધારો કરીશું. જીહઅએ પણ ટેરિફનો બોજો ગ્રાહકો પર લાદવાની શક્યતા જણાવી હતી.આ ચીની કંપનીઓને અગાઉ ઈ૮૦૦થી ઓછી કિંમતની પ્રોડક્ટ્સ પર છૂટ મળતી હતી, જેને ટ્રમ્પે દૂર કરી હતી. જેથી આ કંપનીઓએ ૨૫ એપ્રિલથી કિંમતોમાં વધારો કર્યો છે.

ફોર્ડે વર્ષના બીજા અર્ધવાર્ષિક ગાળામાં ગાડીના ભાવ ૧.૫ ટકા સુધી વધારવાનો અંદાજ આપ્યો છે. જ્યારે સુબારૂએ પણ ભાવમાં વધારો કરવાની શક્યતા જણાવી છે. અમેરિકાની કાર મેકર્સ કારના ભાવમાં ૨થી ૩ ટકા સુધીનો વધારો કરી શકે છે.પેમ્પર્સ અને ટાઇડ જેવી બ્રાન્ડ્સ બનાવતી પ્રોક્ટર એન્ડ ગેમ્બલે પણ કેટલીક પ્રોડક્ટ્સના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી છે. જ્યારે સ્ટેનલી બ્લેક એન્ડ ડેકરે એપ્રિલમાં સરેરાશ ૭-૯ ટકા ભાવમાં વધારો કર્યો હતો. વર્ષના અંતમાં તેમાં વધુ વધારો થવાની શક્યતા છે. અડિડાસે પણ ટેરિફના કારણે ખર્ચ વધ્યો હોવાનું જણાવી ભાવ વધારવાની જાહેરાત કરી છે.

## અમેરિકામાં સાઉથ કેરોલિનામાં અંધાધૂંધ ગોળીબાર, ૧૧ની હાલત ગંભીર




અમેરિકામાં રવિવારે રાત્રે અચાનક અંધાધૂધ ગોળીબાર થતાં ૧૧ લોકો ગંભીર રૂપે ઈજાગ્રસ્ત થયા હતાં. સાઉથ કેરોલિનાના બીચ ટાઉનમાં આ ઘટના બની હતી. આ ઘટનાના ૯૦ મિનિટ બાદ પોલીસે વિસ્તારમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવ્યો હતો. હુમલાખોર ઘટનાને અંજામ આપી ફરાર થઈ ગયાની માહિતી મળી રહી છે. હોરી કાઉન્ટી પોલીસે જણાવ્યા પ્રમાણે, લીટલ રિવરમાં રવિવારે રાત્રે ૯.૩૦ વાગ્યે આ દુર્ઘટના બની હતી. મોટાભાગના ઈજાગ્રસ્તો ખાનગી વાહનોમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. જો કે, પોલીસે અંધાધૂધ ગોળીબારમાં ઘાયલોની સ્થિતિ વિશે કોઈ માહિતી આપી ન હતી.

ઓથોરિટીએ હજી સુધી આ હુમલાના શંકાસ્પદ આરોપી વિશે જાણકારી આપી નથી. આ ગોળીબાર એક વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો હતો કે, પછી વધુ હુમલાખોરો સામેલ હોવાની પણ હાલ જાણકારી મળી નથી. હુમલા પાછળનું કારણ પણ જાણી શકાયુ નથી. ઈન્ટ્રાકોસ્ટલ વોટરવે નજીક રહેણાંક વિસ્તારમાં ગોળીબાર થયો હતો. વીડિયો ફૂટેજમાં વિસ્તારમાં ડઝનથી વધુ પોલીસ તૈનાત થઈ છે. મોટી સંખ્યામાં એમ્બ્યુલન્સ પણ જોવા મળી હતી.

## ધોલેરામાં દેશી દારૂ પીધા બાદ બેના શંકાસ્પદ મોત, કોંગ્રેસે લઠ્ઠાકાંડની આશંકા વ્યક્ત કરી



ગુજરાતમાં દારૂબંધી હોવાછતાં ખુલ્લેઆમ દેશી અને બનાવટી દારૂનું વેચાણ થતું હોવાના સમાચાર અવાર-નવાર સામે આવતા હોય છે. ઘણી દેશી કેમિકલ યુક્ત દારૂ પીવાના લીધે ઘણા લોકોની તબિયત બગડતી હોય છે. ત્યારે ધોલેરામાં દેશી દારૂ પીવાના લીધે બે લોકોના મોત થતાં ચકચાર મચી જવા પામ્યો છે. મૃતકોએ જે સ્થાનેથી દારૂ લીધો હતો, ત્યાંથી અન્ય ૨૦ જેટલા લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે અને સાવચેતીના ભાગરૂપે તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાલ પોલીસ અને આરોગ્ય વિભાગ દ્વારા આગળની કાર્યવાહી ચાલી રહી છે. આ મામલે ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લઠ્ઠાકાંડની આશંકા વ્યક્ત કરી છે. પ્રાથમિક માહિતીના આધારે અમદાવાદ ગ્રામ્ય એસ.પી.એ જણાવ્યું હતું કે ડિહાઈડ્રેશનના લીધે મૃતકોના મોત નીપજ્યા હોવાનું અનુમાન છે, જોકે લઠ્ઠાકાંડ અંગે વધુ તપાસ ચાલી રહી છે. આ મામલે લઠ્ઠાકાંડની દિશામાં તપાસ જરૂરી છે જેથી સત્ય બહાર આવે અને ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ થતી અટકાવી શકાય. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પોસ્ટ કરીને લખ્યું કે, ધોલેરામાં લઠ્ઠાકાંડ થયો છે અને મજદૂરના મૃત્યુ થયા છે પરંતુ પોલીસ દ્વારા સમગ્ર મામલો દબાવી દેવાની કોશિશ થઈ રહી છે તેવા કેટલાક ફોન મારા ઉપર આવ્યા છે. મુખ્યમંત્રી આપ યોગ્ય તપાસ કરાવશો જેથી સત્ય બહાર આવે અને સારવારના અભાવે કોઇ ગરીબના વધુ મૃત્યુ ના થાય.

જ્યારે અન્ય એક ટ્વિટ દ્વારા સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતુ કે 'અમદાવાદના હજીનો મારા ઉપર ફોન આવ્યો છે કે ધોલેરામાં દેશી દારૂ ખૂબ જ પીવાના કારણે બે વ્યક્તિના મૃત્ય થયા છે . જે બુટલેગરના ત્યાંથી મૃતકોએ દારૂ પીધો હતો, તે જ જગ્યાએથી બીજા જે લોકોએ દારૂ પીધો હતો તેઓને પ્રિકોશનના ભાગરૂપે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# કડી સીટ પર ભાજપ હિતુ કનોડિયાને ઉતારશે?:વિસાવદરમાં ભૂપત ભાયાણીનું નામ મોખરે

ગાંધીનગર મેટ્રો,તા.૨૬

ગુજરાતની કડી અને વિસાવદર એમ બે વિધાનસભા સીટ પર પેંટાચૂટણી જાહેર થઈ છે. ૧૯ જૂને આ બન્ને સીટ પર મતદાન યોજાશે. જ્યારે ૨૩મીએ પરિણામ આવશે. ચૂંટણીને વધારે દિવસો આડા નથી ત્યારે બન્ને બેઠકો પર તમામ પક્ષોમાંથી દાવેદારીની હોડ લાગી છે. બીજી જૂન ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ છે. ત્યારે આગામી ચાર-પાંચ દિવસમાં પક્ષો પોત પોતાના ઉમેદવારોની જાહેરાત કરશે તે નક્કી છે.વિજયભાઈએ જણાવ્યું કે, ભાજપ દ્વારા જે તે સમયે પેટાચૂંટણીમાં ટિકિટ માટે ભૂપત ભાયાણીને કમિટમેન્ટ આપવામાં આવ્યું હતું. તેથી તેમની શક્યતાઓ વધારે છે. આ ઉપરાંત જૂનાગઢ જિલ્લા ભાજપના પ્રમુખ કિરીટ પટેલનું નામ પણ ચર્ચામાં છે. આ ઉપરાંત કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા હર્ષદ રિબડિયા પણ ઉમેદવાર હોઈ શકે પરંતુ ઉપરના બે નામની શક્યતા વધારે છે. અમે પ્રશાંત કોરાટ કે તેમના માતા જસુમતિ





કોરાટ અંગે પૂછ્યું તો તેમણે કહ્યું કે તેમને ટિકિટ આપવામાં આવે તેવી કોઈ શક્યતા નથી.તેમણે ઉમેર્યું કે, સમય સાથે ભાજપનું ઘર તો મોટું થયું છે પરંતુ આંતરિક વિવાદ પણ વધતો ગયો છે. અગાઉ પણ પૂર્વ મંત્રી કનુભાઈ ભાલાણી અને કિરીટ પટેલને જામતી નહોતી.ભાજપના બૂથ મેનેજમેન્ટ અને કાર્યકર્તા અંગે તેઓ કહે છે કે, ભાજપ પાસે આ સિસ્ટમ છે પરંતુ ૨૦૨૨ની ચૂંટણીમાં બૂથ મેનેજમેન્ટ હોવા છતા વિસાવદરની જનતાએ ભાજપના પક્ષપલટુ ઉમેદવારને હરાવ્યા હતા. એટલે માત્ર બૂથ મેનેજમેન્ટથી વિસાવદરમાં જીતી શકાય તે શક્ય નથી.કોંગ્રેસ અંગે વાત કરતા તેઓ કહે છે કે, વિસાવદરમાં કોંગ્રેસની એક ફિક્સ વોટબેંક છે. તેને અગાઉની દરેક ચૂંટણીમાં ૩૦%થી વધુ વોટ મળ્યા છે. એટલે કોંગ્રેસની ભૂમિકાને પણ નકારી શકાય તેમ નથી. કોંગ્રેસના ઉમેદવારોમાં તેમણે કેશુભાઈ આંબલિયાની શક્યતા વધારે છે.તેઓએ આગળ જણાવ્યું કે, વિસાવદરમાં કોંગ્રેસ કોના વોટ કાપે છે

# "કુદરતી પર્યાવરણનું જતન કરવું એ આ આપણા સૌની બંધારણીય મૂળભૂત ફરજ છે." - ગજેન્દ્રકુમાર જોશી




ગાંધીનગર ખાતે તા. ૨૫મી મે, રવિવારના રોજ ભારતનાં કુલ ૧૪ રાજ્યોના પર્યાવરણ ક્ષેત્રે કાર્ય કરતા શિક્ષકોનો સન્માન કાર્યક્રમ યોજાયો. આ સમારોહમાં ડો. . વિરેન્દ્ર રાવતજી (ગ્રીન મેન્ટર્સના સ્થાપક ડિરેક્ટર અને ગ્રીનીંગ એજ્યુકેશનમાં વૈશ્વિક સ્તરે કામ કરી અનેક સન્માનો મેળવનાર), શ્રી ભરતભાઈ પાઠક (ઈકોલોજી અને વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ક્ષેત્રે મોટું યોગદાન આપનાર), શ્રી રસિકભાઈ પટેલ (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નડિયાદ વિભાગના સંઘચાલક), શ્રી ચેતનભાઈ પટેલ (આ કાર્યક્રમના યજમાન અને જ્ઞાન લાઈવ સંસ્થાના પ્રોપાયટર) વગેરે મહાનુભાવોએ એવોર્ડી શિક્ષકોને અભિનંદન સહ વિશેષ માર્ગદર્શન આપ્યું. આ સમારોહના અધ્યક્ષ, પર્યાવરણપ્રેમી અને શિક્ષણવિદ શ્રી ગજેન્દ્રકુમાર જોશી સાહેબે પર્યાવરણની સમસ્યા અને તેમાં શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરતાં ભારતના બંધારણની કલમ ૫૧-(ક) નો નિર્દેશ કરી શાળા કક્ષાએ કરવાનાં કામોની સુંદર છણાવટ કરી, પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન માટે અનુરોધ કર્યો. આ કાર્યક્રમમાં એન્વારમેન્ટ કેર એન્ડ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રજનીશભાઈ પટેલ, માધવ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કનુભાઈ પ્રજાપતિ, સામાજિક કાર્યકર શ્રી મનુભાઈ ચોકસી, શિક્ષણ વિભાગના ઉપ સચિવ શ્રી તુષારભાઈ પટેલ, 'હું છું પર્યાવરણ સંરક્ષક' અભિયાનના સૂત્રધાર અને આજના કાર્યક્રમના માર્ગદર્શક શ્રી પુલકિત જોષી, શિક્ષણ વિભાગના પૂર્વ અધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકી સહિત અનેક લબ્ધ પ્રતિષ્ઠિત વ્યક્તિઓની પ્રેરક ઉપસ્થિતિ રહી. શિક્ષકોને સન્માનપત્ર અને મોમેન્ટો ઉપરાંત ભેટ સ્વરૂપ કીટ આપવામાં આવી. અન્ય રાજ્યમાંથી આવેલા શિક્ષકોએ ગુજરાતના આતિથ્ય બાબતે પુષ્કળ રાજીપો વ્યક્ત કર્યો. સૌ શિક્ષકોએ પર્યાવરણ ક્ષેત્રે વધુ તાકાતથી પરિણામલક્ષી કામ કરવાની ખાતરી આપી.

# ડાકોર ખાતે ગુજરાત પત્રકાર સંઘની કારોબારી મીટિંગ યોજાઈ




ગુજરાત પત્રકાર સંઘની કારોબારી મીટિંગ તથા ડાકોરના વરિષ્ઠ પત્રકાર શ્રી નીતિન ખંભોળજા ની ગુજરાત પત્રકાર સંઘમાં ઉપપ્રમુખ તરીકે નિયુક્ત થતા સન્માન સન્માન કાર્યક્રમ શ્રી દંડી આશ્રમ, ડાકોરમાં યોજાયો હતો. પ્રારંભમાં સૌ હોદ્દેદારોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.સ્વાગતપ્રવચન સંઘના પ્રમુખશ્રી બી. આર. પ્રજાપતિ એ કર્યું હતું અને સંઘની પ્રવૃત્તિઓનો અહેવાલ મહામંત્રીશ્રી નટુભાઈ ભટ્ટે આપ્યો હતો.

આ પ્રસંગે આશિર્વચન આપતાં આશ્રમના મહંતશ્રી વિજયદાસજીએ જણાવ્યું કે પત્રકારોનુ સમાજ ઘડતરમાં બહુ મહત્વનું સ્થાન છે અને લોકશાહીમાં ચોથી જાગીર ગણવામાં આવે છે. સરકારના સારા પાસાને ઉજાગર કરવા અને ભૂલો કરે તેને નિઃસંકોચ પ્રજા સમક્ષ મુકવી અને પ્રજાના પ્રાણપ્રશ્નોને વાચા આપવાનું કાર્ય નિર્ભયતાથી રજૂ કરવાનું કર્તવ્ય પત્રકારોનું છે.ગુજરાત પત્રકાર સંઘ આ કાર્ય ખૂબ નીડરતાથી કરી રહ્યું છે તે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ડાકોરના જાગૃત અને નિર્ભય પત્રકાર નીતિન ખંભોળજાનું શાલ અને પુષ્પગુચ્છ આપી મહંત વિજયદાસજીએ સન્માન કર્યું હતું. સંઘના પ્રમુખશ્રી બી. આર. પ્રજાપતિ, ઉત્તર બુનિયાદી વિદ્યાલય ડાકોરના આચાર્યશ્રી કિરીટભાઈ શાહ, ભવન્સ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ આઈ. કે. પાઠક, ડો. આર. એમ. પટેલ તેમજ લાયન્સ ક્લબના પૂર્વ સેક્રેટરી જયદીપસિંહ ડાભીએ મોમેન્ટો, શાલ તેમજ પુષ્પગુચ્છ થી અર્પણ કરી નવનિયુક્ત ઉપપ્રમુખ શ્રી નીતિન ખંભોળજાનું સન્માન કર્યું હતું. આ બેઠકમાં સંઘના ઉપપ્રમુખ નિખિલ શાહ, જગદીશ બ્રહ્મભટ્ટ (દહેગામ), જયેશ પી. વ્યાસ (વિસનગર )તથા જાણીતા સાહિત્યકાર પરીક્ષિત જોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન જયદીપસિંહ ડાભીએ અને આભારદર્શન નીતિન ખંભોળજાએ કર્યું હતું.

# જામનગરના મેઘપરમાંથી ચાર મહિના પહેલાં સગીરાનું અપહરણ કરી જનાર આરોપીને હૈદરાબાદમાંથી ઝડપી લેવાયો, દુષ્કર્મની ફરિયાદ દાખલ

જામનગર જિલ્લાના મેઘપર પડાણા વિસ્તારમાંથી આજથી ચાર મહિના પહેલા એક સગીરાનું અપહરણ થયું હતું જે અંગે પડાણા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. જે સગીરાને ઉઠાવી જનાર શખ્સને શોધવા માટે પોલીસ ટુકડીએ તપાસનો દોર હૈદરાબાદ સુધી લંબાવ્યો હતો અને ત્યાંથી સગીરા અને આરોપીને શોધી કાઢ્યા હતા. જેઓને જામનગર લઈ આવ્યા બાદ આરોપીની ધરપકડ કરી લઈ બે દિવસના રિમાન્ડ લેવાયો છે. જ્યારે સગીરા સાથે દુષ્કર્મ થયું હોવાનું સામે આવતાં આરોપી સામે દુષ્કર્મની કલમનો ઉમેરો કરાયો છે. સગીરાને તેના માતા-પિતાને ઘેર મોકલી દેવાઇ છે.આ બનાવની વિગતે એવી છે કે લાલપુરના મેઘપર પંથકમાંથી આજથી ચાર માસ પહેલા એક સગીરાનું અપહરણ થઈ ગયું હતું, અને પાડોશમાં રહેતો અર્જુન નારણભાઈ નાયક નામનો શખ્સ ઉઠાવી ગયા હોવાનું ધ્યાનમાં આવતાં મેઘપર પોલીસ મથકમાં તેની સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ઉપરોક્ત આરોપી સગીરાને લઈને જામનગરથી નીકળ્યા બાદ હૈદરાબાદ તરફ પહોંચ્યો છે એવું મોબાઈલ ફોનના ટાવર લોકેશન પરથી જાણવા મળ્યું હતું.તેથી મેઘપર પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા હુમન સોર્સ તથા ટેકનીકલ સોર્સ/મોબાઇલ કોલ ડીટેઈલ્સ આધારે ઉંડાણ પુર્વક તપાસ કરતાં આરોપીના મોબાઈલ ફોનનું લોકેશન તેલંગાણા રાજયના હૈદરાબાદ આજુબાજુ આવતુ હોવાનું જણાતાં મેઘપર(પડાણા) પોલીસ સ્ટેશનનો કાફલો હૈદરાબાદ ખાતે મોબાઈલ ફોનના લોકેશન વાળી જગ્યાએ જવા



રવાના થયા હતા. જ્યા પહોંચી ખાનગી રાહે તથા ટેકનીકલ માધ્યમથી તપાસ કરતાં આ કામેના આરોપીનુ મોબાઇલ ફોનનુ લોકેશન હૈદરાબાદની બાજુમાં મોઈનાબાદ ખાતે આવતું હોવાનું જણાતાં, ઉપરોક્ત પો.સ્ટાફ મોઈનાબાદ ખાતે પહોંચ્યો હતો. જ્યાં આરોપી અર્જુન નારણભાઇ નાયક તથા ભોગ બનનાર સગીરા બન્ને હાજર મળી આવતાં આરોપીની અટકાયત કરી લેવામાં આવી હતી, અને સગીરા સાથે તેને જામનગર લાવવામાં આવ્યો હતો, અને અદાલત સમક્ષ રજૂ કરી તેને બે દિવસના રિમાન્ડ પર લીધો છે. સગીરાની તબીબી ચકાસણી કરાવતાં તેણી સાથે દુષ્કર્મ થયું હોવાથી આરોપી સામે દુષ્કર્મની કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે, ઉપરાંત સગીરાને તેના માતા પિતાને ઘેર મોકલી આપી છે.

## જામનગર નજીક ખીજડીયા બાયપાસ પાસે બોલેરો અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં ત્રણ વર્ષની બાળકી ઈજાગ્રસ્ત

જામનગર નજીક ખીજડીયા બાયપાસ રોડ પર ગઈકાલે બપોરે એક ટ્રેક્ટર સાથે માલવાહક બોલેરો વાહન અથડાઈ પડતાં અકસ્માત સર્જાયો હતો અને ધડાકાભેર બોલેરો ટ્રેક્ટરની ટ્રોલી સાથે ટકરાતાં ટ્રોલી માર્ગ પર પલટી મારી ગઈ હતી. જે અકસ્માતમાં ટ્રેક્ટરની ટ્રોલીમાં બેઠેલી શ્રમિક પરિવારની ત્રણ વર્ષની એક બાળકી ઈજાગ્રસ્ત બની હતી. જેને તાત્કાલિક અસરથી ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં પહોંચાડી હતી. આ અકસ્માતના બનાવને લઈને ખીજડીયા બાયપાસ રોડ પર થોડો સમય માટે ટ્રાફિકજામ થઈ ગયો હતો

# ખુલ્લામાં શૌચ મુકત ગામમાં, સ્વચ્છતામાં અગ્રેસર:જિલ્લામાં એકમાત્ર જાફરીપુરા ગામ જ્યાં દરેક ઘરે શૌચાલય

સિદ્ધપુરના જાફરીપુરા આશરે ૨૦૦ ઘરોનું નાનકડું સુખી અને સમૃદ્ધ ગામ છે. ગામમાં સમરસ થતી પંચાયત દ્વારા ગામને સ્વસ્થ બનાવવા માટે કરવામાં આવી સ્વચ્છતાની કામગીરી ઉડીને આંખે વળગે છે. જિલ્લામાં સ્વચ્છતા સર્વક્ષણ માં સ્વચ્છ ગામ તરીકે પસંદગી પામ્યું છે. ગામ સો ટકા શિક્ષિત હોય વેરાની વસૂલાત પણ સો ટકા કરનારો ગામ ઉપરાંત ઘરે ઘરે શૌચાલય હોય સો ટકા ખુલ્લામાં શૌચ મુક્ત ગામ પણ બન્યું છે.

સિદ્ધપુરના નાનકડા જાફરીપુરા ગામમાં પ્રવેશ કરતા સી.સી રોડ, ફૂટપાથ અને કતારબદ્ધ વૃક્ષોનો નજારો ગામની સુંદરતાની ઝાંખી કરાવે છે. ગ્રામ પંચાયતમાં દર વર્ષે બિન હરીફ સરપંચની વરણી કરવામાં આવે છે. પંચાયતના વેરાની ગામમાં ૧૦૦ ટકા વસૂલાત થાય છે. વેરા વસૂલાતના બદલે પંચાયત દ્વારા ગામમાં બગીચો, બાળકો માટે રમતના સાધનો, બાળકોના અભ્યાસ માટે શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, તેમજ ધાર્મિક સ્થળો પર સાફ-સફાઈનું ખાસ ધ્યાન આપવામાં આવે છે. પાણીની પણ ગામમાં યોગ્ય વ્યવસ્થા છે. આ ઉપરાંત ગામમાં સામુદાયિક સ્તરે ઘન, પ્રવાહી અને પ્લાસ્ટિક કચરાનું વૈજ્ઞાનિક ઢબે નિકાલ પણ કરવામાં આવે છે. જાફરીપુરા ગ્રામ પંચાયત અગ્રેસર રહે તે માટે ગામના આગેવાન મહેરઅલીભાઈ સરપંચ, તલાટી કમ મંત્રી, પદાધિકારીઓ, ગ્રામજનો, સ્વૈછિક સંસ્થાઓ, ગ્રામ્ય આગેવાનો, શિક્ષકો અને ગ્રામજનોની લોક




ભાગીદારીથી કામગીરી કરી રહ્યા છે. રહેતા સ્વચ્છ ગામ તરીકે પ્રસિદ્ધ બન્યું જાફરીપુરા ગામમાં સાક્ષરતાથી લઈ સુવિધાઓ સંપન્ન સાથે પંચાયત દ્વારા સ્વચ્છતાને પણ પ્રાધાન્ય આપી કામને શહેર જેવું સમૃદ્ધ અને સુંદર બનાવવાનો પ્રયાસ કરાયો છે.

# પાટણમાં પૂરની સ્થિતિને પહોંચની વળવા તંત્ર સજ્જ:પાલિકાએ બે રેસ્ક્યૂ બોટ, ૧૨ લાઈફ જેકેટ અને ૧૧ તરવૈયાની ટીમ તૈયાર કરી

પાટણ નગરપાલિકા તંત્રે આગામી ચોમાસા માટે પ્રિમોન્સૂન પ્લાનની તૈયારીઓ શરૂ કરી છે. હવામાન વિભાગે આ વર્ષે સારા ચોમાસાની આગાહી કરી છે. કેરળમાં જૂનની શરૂઆતમાં ચોમાસું આવશે.

પાટણ શહેર અને જિલ્લામાં ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ફાયર ફાઈટર ટીમો સજ્જ થઈ રહી છે. પૂર જેવી પરિસ્થિતિમાં બચાવ કાર્ય માટે બે મશીનવાળી બોટ તૈયાર કરવામાં આવી છે. નગરપાલિકાએ ૧૨ લાઈફ જેકેટ ઉપલબ્ધ કરાવ્યા છે. ૧૧ તરવૈયાઓની ટીમ રેસ્ક્યુ માટે તૈયાર રહેશે.

પ્રિમોન્સૂન પ્લાન અંતર્ગત તમામ જરૂરી સાધનોની ચકાસણી કરી તેમને કાર્યરત રાખવામાં આવ્યા છે. જોકે, દર વર્ષે પ્રિમોન્સૂન કામગીરી છતાં શહેરમાં ઠેર-ઠેર પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે. આ વર્ષે પાલિકાની તૈયારીઓ કેટલી અસરકારક નીવડે છે તે આગામી ચોમાસામાં જોવા મળશે.



## ડાંગ જિલ્લામાં મહારાષ્ટ્ર સાપુતારા થઈ ને મૈન રોડ પર લૂંટારું ટોળકીઓ જોવા મળી રહી છે લોકો ધ્યાન આપે અને પ્રશાસન પણ ધ્યાન આપે તો સારું

આહવા-ડાંગ

ડાંગ જિલ્લામાં મહારાષ્ટ્ર સાપુતારથી અંબાજી જવાના છે એવું આ ટોળકી જણાવે છે ને રસ્તામાં અંબામાતા ના ધ્વજ હાથમાં રાખીને રસ્તામાં પાણીની બોટલો ઊંધી વાળી ને બતાવે છે કે અમને પાણી આપો હાઈવે પર નાની મોટી ટુ-વીલર ફોર - વિલર ટ્રાન્સપોટેશનની ગાડીઓ ઊભી રાખી ને જણાવે છે પાણી આપો અને ઊભી રાખ્યા પછી રૂપિયા અને ખાવાની માગણી કરી ને ઈમોશનલ સામેંવાળાને કરે છે અને એવું જાણવા મળેલ છે કે એમના છોકરા છે કે એ લોકો રૂપિયા કમાવવા માટે આ છોકરા ઓ ભાડે રાખવામાં આવે છે એમના સાથે લેડીઝ પણ સાથે છે શું એ એમની પત્ની છે કે કેમ એ પણ એક સવાલ ઉભો કરે છે કે તેઓ દ્વારા ખાલી રૂપિયા કમાવવા માટે રાખેલ છે આ ટોળકી ઓ રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર જ જોવા મળી આવે છે ધર્મના નામ પર લુંટવાનો ધંધો કરી રહયા છે જો કોઈ ને એવી તોડ કરતાં નજરે પડશે તો પોલીસ ને જાણ કરો ને એમના આધાર કાર્ડ મતદાન કાર્ડની તપાસ થવી જોઈએ શું આવા લોકો બાંગલાદેશી પણ હોય શકે છે ગુજરાત માં એવી ટોળ કી ઓ ની ધરપકડ કરીને જગ્યા સ્થળ પર જ ચેકીંગ થવું જોઈએ ને એમને એવું કોણ કરાવે છે એનો માસ્ટર માઈન્ડ કોણ છે એની તપાસ થવું જોઈએ લોકો પાસે પાણી માંગે છે અને રૂપિયાની માંગણી કરી રહયા છે જેઓને આપવું નહિ કારણ કે ગામના નજીક હોવા છતાં આ લોકો પાણી અને રૂપિયાની માંગણી કરે છે તેઓને રૂપિયા આપવા નહિ એવું અમારું માનવું છે અને જણાવે છે કે અમો એ બાધા રાખી છે તેલ ચઢાવવાની કે ઘી ચડાવીને પછી તો તેઓને કાંઈ આપવું નહિ આ ઠગ ટોળકી છે એવું લોકોનું માનવું છ

# આંબાપાડાના ખેડૂતમિત્ર શ્રી સચિનભાઈ મહાકાળ રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવી આર્થિક રીતે પગભર બન્યા

આહવાઃ

ડાંગ જિલ્લાના પ્રવેશ દ્વાર એવા વઘઈ તાલુકાના આંબાપાડા ગામના ખેડૂતમિત્ર શ્રી સચિનભાઈ કેશુભાઈ મહાકાળ રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવી આર્થિક રીતે પગભર બન્યા છે. ધોરણ ૮ નો અભ્યાસ કર્યા બાદ શ્રી સચિનભાઈ મહાકાળ એક એકરમાં છેલ્લા પાંચ વર્ષથી સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરી અન્ય ખેડૂતમિત્રોને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, શ્રી સચિનભાઈ પણ બીજા બધા ખેડૂતોની જેમ આ અગાઉ રાસાયણિક ખેતી કરતા હતા. પરંતુ આત્મા પ્રોજેક્ટના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતીની શ્રેણીબદ્ધ તાલીમો મેળવી, અને અન્ય પ્રગતિશીલ ખેડૂતોના ખેતરોની મુલાકાત લીધા બાદ તેમણે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. છેલ્લા પાંચ વર્ષથી તેઓ સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે તેમ તેમણે જણાવ્યું હતું.આ અગાઉ વધુ પડતા રાસાયણિક ખાતર અને દવાના ઉપયોગના કારણે જમીનની ફળદ્રુપતા ઘટાડો જોવા મળ્યો હતો. તેમજ રાસાયણિક ખાતરના વધતા જતા ભાવના કારણે ખેતી ખર્ચ પણ વધારે આવવા સાથે નફો ઓછો થતો હતો. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાથી જમીન અને વાતાવરણ ખરાબ થતા હતા. તેમજ રસાયણ યુકત ખોરાક ખાવાથી શરીરની તંદુરસ્તી ઉપર પણ તેની પણ માઠી અસર જોવા મળતી હતી.

ખેડૂતમિત્ર શ્રી સચિનભાઈ મહાકાળે અપનાવેલા નવિતમ અભિગમની વાત કરીએ તો જ્યારથી તેઓ પ્રાકૃતિક ખેતીનું મહત્વ, ઉપયોગ અને ફાયદા અંગે વિસ્તૃતમાં સમજણ મેળવતા થયા ત્યારથી તેમણે ગાય આધારિત ખેતી અપનાવી છે. જેમાં પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત, નીમાસ્ત્ર, અગ્નિસ્ત્ર જાતે બનાવીને ઉપયોગ કરે છે. તેમજ વર્મીબેડ બનાવીને વર્મીકમ્પોસ્ટ, અળસિયા ખાતર બનાવીને વપરાશ કરે છે. ખેતરના કચરાનો ઉપયોગ આચ્છાદન (મલ્ચીંગ) માટે કરે છે.

તેમણે પાકને જરૂરી એવી દવા, અને ખાતર પણ પોતાના ઘરે જ બનાવે છે. રસાયણિક ખાતરને બદલે જીવામૃત, નીમાસ્ત્ર, અગ્નિસ્ત્ર જાતે બનાવીને આર્થિક ફાયદાનો લાભ મેળવે છે. તો બીજી તરફ જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદનમાં પણ વધારો જોવા મળ્યો છે. ૯૦ % પાણીની બચત, ઓછા ખર્ચે ખેતી સ્થાનિક પધ્ધતિની સાપેક્ષમાં આ નવિન પધ્ધતિથી થવા પામ્યો છે. પ્રાકૃતિક ખેતીથી ખેતીનું ઉત્પાદન વધુ થાય છે. જમીનનું ધોવાણ થતું અટકે છે. જેથી જમીનની તંદુરસ્તી પણ જળવાઈ રહે છે. રસાયણિક ખાતરથી જે જમીન બગડતી હતી તે અટકાવી શકાય છે. જંતુનાશક દવાઓ જાતે બનાવી હોવાથી એના ખર્ચમા ઘટાડો જોવા મળ્યો છે. પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદન કરેલા અનાજનો ભાવ પણ વધુ મળી રહે છે.

## ડાંગ જિલ્લામાં આવેલ હનવતચોન્ડ ગામમાં ૧૯૬૨ ( પશુપાલન )ની કામગીરી કરવામાં આવતી નથી

આહવા-ડાંગ

ગુજરાત રાજ્યના વિધાન સભાના નાયબ દંડક શ્રી ના ગામમાં ૧૯૬૨ ( પશુપાલન ) ની કામગીરી મા આ ગામ સામેલ કરવામાં આવ્યું નથી એ જોવા જેવું છે

ડાંગમાં મહિલાઓ પશુપાલન પર આધાર રાખે છે ત્યારે આ સુવિધા ઉપલબ્ધ નથી એવા ગાંધીનગર થી જવાબો આપવામાં આવ્યા છે આ સુ યથા યોગ્ય છે જે પણ ગુજરાત ના નાયબ દંડક શ્રી ના ગામમાં આવી સુવિધા આપવામાં આવી નથી એ વિચારવા જેવું છે

૧૯૬૨ ઉપર કોલ કરતા રાજેશભાઈ લક્ષમનભાઈ પવાર ની ગાય બીમાર હોઈ તેઓ દ્વારા કોલ કરવામાં આવ્યો ત્યારે ૧૯૬૨ ટોલ ફ્રી નંબર પરથી એવું જણાવ્યું કે હનવતચોન્ડ ગામ લીધેલ નથી આ ૧૯૬૨ પર અમો ત્યાં આવી ને સારવાર અમારા દ્વારા કરવામાં આવશે નહિ સુ આ યથા યોગ્ય ગણાયસરકાર દ્વારા ડાંગની બહેનો ને માટે સરકાર દ્વારા બહેનોને પશુપાલન ની યોજના ઑ લાવી આગળ લાવવા પ્રયાસો કરવામાં આવે છે પરંતુ સમજાતું નથી કે સા માટે ૧૯૬૨ પરથી ના પાડવામાં આવી ગામ લોકો ને૧૯૬૨ સરકારી લાભ થી વંચિત કેમ રાખવા માં આવેલું છે એ કોની લાપરવાહી સરપંચ સાયેબ/વહીવટદાર કે તાલુકા સદસ્ય કે જીલ્લા સદસ્ય. ?

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.